# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-08-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

***************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોલેન્ડની રાજધાની વોર્સો પહોંચ્યાઃ આવતીકાલે યુક્રેનની મુલાકાતે જશે..
- ✓ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ 23 ઓગસ્ટથી અમેરિકાનાં ચાર દિવસના પ્રવાસે જશે..
- ✓ ઇ-કોમર્સે દેશમાં એક કરોડ 60 લાખ રોજગાર સર્જન કર્યું હોવાનું અનુમાન..
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ શુક્રવારે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવશે..
- ✓ વર્લ્ડ અન્ડર-ટ્વેન્ટી એથ્લેટિક્સ સ્પર્ધામાં ભાગ લેવા ભારતીય ટીમ પેરુ જવા રવાના..
- ✓ હવામાન વિભાગની આગામી સાત દિવસ ગુજરાત, ગોવા, મધ્યપ્રદેશ અને ગોવામાં ભારે વરસાદની આગાહી..

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## REV-EVE-PM-POLAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોલેન્ડ અને યુક્રેનની મુલાકાતનાં પ્રથમ તબક્કામાં આજે પોલેન્ડની રાજધાની વોર્સો પહોંચ્યા છે. વોરસોનાં સૈન્ય હવાઇ મથક પર શ્રી મોદીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. હોટલ ખાતે ભારતીય સમુદાયના લોકોએ તેમનું પરંપરાગત સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રી જામસાહેબ નવાનગર સ્મારક અને મોન્ટે કેસિનો યુધ્ધ સ્મારક અને કોલ્હાપુર સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ શ્રી મોદી વોર્સોમાં એક સામુદાયિક કાર્યક્રમમાં ભાગ લેશે અને ભારતીય સમુદાય સાથે વાતચીત કરશે.

અગાઉ, પોલેન્ડ જવા રવાના થતા પહેલાં પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે, મધ્ય યુરોપમાં પોલેન્ડ મહત્વનું આર્થિક ભાગીદાર છે. તેમણે જણાવ્યું કે, લોકશાહી માટે ભારત અને પોલેન્ડની પ્રતિબધ્ધતા બંને દેશો વચ્ચેનાં પરસ્પર સંબંધોને વધુ મજબૂત કરે છે. પ્રવાસ દરમિયાન શ્રી મોદી પોલેન્ડના પ્રધાનમંત્રી ડોનલ્ડ ટસ્ક અને રાષ્ટ્રપતિ આન્દ્રેજ ડુડા સાથે મુલાકાત કરશે. છેલ્લાં 45 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ પ્રથમ પોલેન્ડ પ્રવાસ છે.

પોલેન્ડનાં પ્રવાસ બાદ પ્રધાનમંત્રી મોદી ટ્રેન દ્વારા યુક્રેનની રાજધાની કિવ જશે. વર્ષ 1992માં દ્વિપક્ષીય સંબંધ શરૂ થયા બાદ કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ પ્રથમ યુક્રેન પ્રવાસ છે. શ્રી મોદીએ આ વિસ્તારમાં બહુ જલ્દી શાંતિ અને સ્થિરતા પૂર્વવત થવાની આશા વ્યક્ત કરી હતી.

## JITENDRA - NATIONAL SPACE DAY

23 ઓગસ્ટનાં રોજ દેશભરમાં પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવવામાં આવશે. આ વર્ષની ઉજવણીની થીમ છે-'ચંદ્રમાને સ્પર્શીને જીવનને સ્પર્શવુઃ ભારતની અવકાશ ગાથા' છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીના ભારત મંડપમમાં આયોજિત મુખ્ય સમારોહનું ઉદઘાટન કરશે.

નવી દિલ્હીમાં આ અંગેની પત્રકાર પરિષદને સંબોધતા અવકાશ વિભાગના રાજ્યમંત્રી ડોક્ટર જીતેન્દ્ર સિંહે જણાવ્યું કે, ગયા વર્ષે 23મી ઓગસ્ટે ચંદ્રની સપાટી પર વિક્રમ લેન્ડરનાં સોફ્ટ લેન્ડિંગ સાથે ચંદ્રયાન થ્રી મિશન સફળ રીતે પૂર્ણ થયું હતું. તેમણે જણાવ્યું કે, આ સાથે ભારત ચંદ્ર પર ઉતરાણ કરનાર ચોથો અને ચંદ્રનાં દક્ષિણ ધ્રુવ નજીક ઉતરાણ કરનાર ચોથો દેશ બન્યો હતો.

## RAJNATH SINH US VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ 23 ઓગસ્ટથી અમેરિકાનાં ચાર દિવસના પ્રવાસે જશે. આ દરમિયાન તેઓ અમેરિકાના સંરક્ષણ મંત્રી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે, આ મુલાકાત અનેક સ્તરોએ ભારત-અમેરિકા વચ્ચે વધતા જતા સંરક્ષણ સંબંધોની પૃષ્ઠભૂમિમાં યોજાઈ રહી છે. આ મુલાકાત ભારત-અમેરિકા સર્વગ્રાહી વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ઊંડી બનાવે તેવી આશા છે. શ્રી રાજનાથ સિંહ અમેરિકાના સંરક્ષણ ઉદ્યોગ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકનું વડપણ સંભાળશે. તેઓ અમેરિકાના ભારતીય સમુદાય સાથે પણ સંવાદ સાધશે.

## RBI SHAKTIKANTA

ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસ સતત બીજા વર્ષે વિશ્વના ટોચનાં સેન્ટ્રલ બેન્કર તરીકે પસંદગી પામ્યા છે. ગ્લૉબલ ફાઈનાન્સ સેન્ટ્રલ બેન્કર રિપોર્ટ કાર્ડ 2024 તરફથી તેમને એ પ્લસ ક્રમાંક પ્રાપ્ત થયો છે. આ સિદ્ધિ બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી દાસને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રધાનમંત્રીએ કહ્યું, ભારતીય રિઝર્વ બેન્કમાં શ્રી દાસનાં નેતૃત્વ, આર્થિક વિકાસ અને સ્થિરતા સુનિશ્ચિત કરવાની દિશામાં તેમના કામને માન્યતા મળી છે.

રિઝર્વ બેન્કે મંગળવારે જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું, ગ્લોબલ ફાઇનાન્સ સેન્ટ્રલ બેન્કર રિપોર્ટ કાર્ડમાં શ્રી દાસને એ પ્લસ ગ્રેડ આપી તેમને વિશ્વના ટોપ બેન્કર જાહેર કરાયા છે. અહેવાલ પ્રમાણે શ્રી દાસ ઉપરાંત ડેનમાર્કના ક્રિશ્ચિયન થૉમસન અને સ્વિત્ઝર્લેન્ડના થૉમસ જૉર્ડનને પણ એ પ્લસ ક્રમાંક મળ્યો છે.

## ONLINE E-COMMERCE

ભારતીય રોજગાર ક્ષેત્રમાં ઇ-કોમર્સ મહત્વનું ચાલકબળ રહ્યું છે અને તેણે દેશમાં આશરે 1 કરોડ 60 લાખ રોજગાર સર્જન કર્યું હોવાનું અનુમાન છે.. જેમાં આશરે 35 લાખ મહિલાઓનો સમાવેશ થાય છે એમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે પ્રસિધ્ધ કરેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે હાલમાં દેશમાં ઇ-કોમર્સ ક્ષેત્રે 17 લાખ 60 હજાર રિટેલ એકમો કાર્યરત છે.

શ્રી ગોયલે ઇ-કોમર્સ કંપનીઓ દ્વારા વસ્તુઓનું મૂલ્ય નક્કી કરવાની પધ્ધતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, આનાથી લાંબા સમયગાળે નાના દુકાનદારો અને બજારને નુકસાન થઈ શકે છે. તેમણે જણાવ્યું કે, ઇ-કોમર્સ ક્ષેત્ર 27 ટકાની વાર્ષિક વૃધ્ધિ સાથે ઝડપથી આગળ વધી રહ્યું છે, પણ તેનાંથી ખાસ કરીને 10 કરોડથી વધુ નાના દુકાનદારો પર અસર પડે છે.

દરમિયાન, નવી દિલ્હીમાં CII ઈન્ડિયા-આફ્રિકા બિઝનેસ કોન્ક્લેવ ખાતે આફ્રિકન રાષ્ટ્રોના વેપાર મંત્રીઓ સાથેના વિશેષ સત્રને સંબોધતા શ્રી ગોયલે જણાવ્યું  કે, ભારત અને આફ્રિકન રાષ્ટ્રો તેમના દેશોના લોકો માટે જીવનની ગુણવત્તા વધુ સારી બનાવવા માટે પ્રયત્નશીલ છે અને વિસ્તૃત વેપાર માટે વધુ રોકાણ લાવવા પ્રયત્નશીલ છે. તેમણે કહ્યું કે, આ પ્રયાસોનો હેતુ ભારત અને આફ્રિકાના લોકોની સમૃદ્ધિ અને જીવનની સારી ગુણવત્તા વધારવાનો છે.

## EU -INDIA CONFERENCE

ભારતમાં યુરોપિયન યુનિયનના રાજદૂત હર્વે ડેલ્ફિને આતંકવાદ અને ઉગ્રવાદી પ્રચાર માટે ઈન્ટરનેટ દ્વારા સર્જાયેલા પડકારોનો સામનો કરવા માટે સંયુક્ત અને પ્રાદેશિક પ્રયત્નો કરવા હાકલ કરી છે.

આજે નવી દિલ્હીમાં ઇયુ-ઇન્ડિયા કોન્ફરન્સને સંબોધતા શ્રી ડેલ્ફિને ભારપૂર્વક જણાવ્યું કે, ત્રાસવાદીઓ દ્વારા ઓનલાઇન કન્ટેન્ટથી સર્જાયેલા પડકારોને ડામવા યુરોપિય સંઘ વર્ષોથી પ્રતિબધ્ધ છે અને તે અંગેનો નોંધપાત્ર અનુભવ ધરાવે છે.

તેમણે જણાવ્યું કે, ઓનલાઇન નેટવર્ક માનવીય પ્રવૃત્તિની સારી અને ખરાબ એમ બંને બાજુને પ્રતિબિંબિત કરે છે. ભારતના ભૂતપુર્વ વિદેશ સચિવ અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટિના ચાન્સેલર ડોક્ટર કંવલ સિબલે જણાવ્યું કે, ત્રાસવાદ સંબંધિત કન્ટેન્ટ અંગેની બે દિવસની ચર્ચા ફળદાયી સાબિત થશે.

## VP – GUJARAT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ શુક્રવારે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવશે. તેઓ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને સંબોધશે. ઉપરાષ્ટ્રપતિ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેશે.

## U20 ATHLETICS

વર્લ્ડ અન્ડર 20 એથ્લેટિક્સ 2024માં ભાગ લેવા માટે ભારતીય ટીમ આજે સવારે પેરુની રાજધાની લીમા ખાતે જવા રવાના થઈ હતી. આ વર્ષે એપ્રિલ મહિનામાં દુબઇ ખાતે યોજાયેલી એશિયન અન્ડર

20 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ્સમાં ભારતે સાત સુવર્ણ, 11 રજત અને 11 કાંસ્ય ચંદ્રક મેળવતા ભારતીય એથ્લેટ્સ જોશમાં છે.

થ્રોઇંગ ઇવેન્ટ્સ માટેનો કેમ્પ પટિયાલામાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પોર્ટ્સ ખાતે યોજાયો હતો. ભારતીય ટીમ વ્યક્તિગત સ્પર્ધા ઉપરાંત ફોર બાય ફોર હન્ડ્રેડ મીટર રિલે અને ફોર બાય ફોર હન્ડ્રેડ મીટર મિક્સ્ડ રિલે સ્પર્ધામાં પણ ભાગ લેશે.

## BCB

બાંગલાદેશ ક્રિકેટ બોર્ડ-BCBના પ્રમુખ નઝમુલ હસન પેપોને રાજીનામું આપી દીધું છે. આજે ઢાકામાં યુવા અને રમતગમત મંત્રાલયમાં બીસીબીના નિર્દેશકોની તાકીદની બેઠક બાદ આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. માધ્યમોનાં અહેવાલો અનુસાર બાંગલાદેશની રાષ્ટ્રીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને ભૂતપૂર્વ મુખ્ય પસંદગીકાર ફારુક અહેમદને BCBના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## BANGLADESH-ICC WOMEN'S T20

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ- ICC એ મહિલા T20 વિશ્વ કપની યજમાની બાંગ્લાદેશના બદલે સંયુક્ત આરબ અમીરાત કરશે તેવો નિર્ણય લીધો છે. જો કે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સત્તાવાર રીતે આ કાર્યક્રમનું યજમાન રહેશે.

આ ટુર્નામેન્ટ આગામી 3 થી 20 ઓકટોબર દરમિયાન દુબઈ અને શારજાહમાં યોજાશે. ICCના મુખ્ય કાર્યકારી અધિકારીએ આ નિર્ણયની

પુષ્ટિ કરી હતી અને બાંગ્લાદેશમાં આ ટુર્નામેન્ટ ન યોજી શકવા પર નિરાશા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં પ્રવર્તમાન અરાજકતાને પગલે ICCએ ટુર્નામેન્ટનું સ્થળ બાંગ્લાદેશથી બદલીને UAE કર્યું છે જેથી સુરક્ષિત વાતાવરણમાં સમગ્ર ટુર્નામેન્ટ રમાઈ શકે..

## MONKEYPOX THAILAND

થાઈલેન્ડમાં આજે નવા મન્કીપોક્સ સ્ટ્રેનનો પ્રથમ શંકાસ્પદ કેસ મળ્યો છે. થાઈલેન્ડ અને સ્વીડન આફ્રિકાની બહારના પ્રથમ દેશો છે, જ્યાં ક્લેડ 1b વેરિઅન્ટના કેસ મળી આવ્યા છે.

આરોગ્ય સત્તાવાળાઓનાં જણાવ્યા પ્રમાણે દર્દીએ કોંગોની મુલાકાત લીધી હતી. પ્રારંભિક લેબોરેટરી પરિક્ષણોમાં સ્ટ્રેઇનની પુષ્ટિ નથી થઈ પણ સત્તાવાળાઓ માને છે કે આ ક્લેડ વન છે.

મન્કીપોક્સ આફ્રિકાનાં અનેક ભાગોમાં ફેલાયેલો હોવાથી વિશ્વ આરોગ્ય સંસ્થા- WHO એ 14 ઓગસ્ટનાં રોજ આ રોગને આંતરરાષ્ટ્રીય ચિંતા ધરાવતી જાહેર આરોગ્યની કટોકટી તરીકે જાહેર કર્યો હતો. WHOનાં જણાવ્યા પ્રમાણે 2022થી 116થી વધુ દેશોમાં મન્કીપોક્સનાં 99 હજારથી વધુ કેસો નોંધાયા છે.

## RUSSIA DRONE ATTACK

રશિયાએ છેલ્લાં 24 કલાક દરમિયાન યુક્રેનનાં 45 ડ્રોન તોડી પાડ્યા છે, જેમાં 11 ડ્રોન મોસ્કોનાં વિસ્તારમાં તોડવામાં આવ્યા છે. મોસ્કોના મેયર સર્ગેઈ સોબયાનીને જણાવ્યું કે મોસ્કો પરનો આ સૌથી

મોટો ડ્રોન હૂમલો હતો. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, યુક્રેનનાં સશસ્ત્ર દળો દ્વારા અવદેયેવકા તરફ કરવામાં આવેલાં ત્રણેય હૂમલાને નિષ્ફળ બનાવ્યા છે.

## RAIN

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન ગુજરાત, ગોવા, મધ્યપ્રદેશ, કોંકણ અને ગોવામાં ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત, સપ્તાહ દરમિયાન ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીર, લડાખ, હિમાચલપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પૂર્વ રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી આસામ, મેઘાલય અને ત્રિપુરામાં અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આગામી 24 કલાક દરમિયાન કેરળ અને અને લક્ષદ્વિપમાં અતિ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

દરમિયાન, ત્રિપુરામાં છેલ્લાં 72 કલાકથી અવિરત વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા જનજીવન ખોરવાઈ ગયું છે. સાવચેતીનાં પગલા રૂપે રાજ્ય સરકારે આવતી કાલે રાજ્યની તમામ શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રી ડોક્ટર માણિક સાહાએ આજે સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પુરની કટોકટી અંગે ચર્ચા કરી હતી. શ્રી શાહે મુખ્યમંત્રીને કેન્દ્ર સરકાર તરફથી સંપૂર્ણ સહાયની ખાતરી આપી હતી.